ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

‘દિલ કી બાત’ સાથે વિશ્વ હૃદય દિવસની ઉજવણી કરાઇ

વડોદરા : હૃદય-રક્તવાહિની સંબંધિત રોગો અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ દ્વારા ‘દિલ કી બાત’ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં હૃદય નિષ્ણાતો સાથે સંવાદ, આરોગ્ય માર્ગદર્શન અને સંગીતનો સમન્વય જોવા મળ્યો હતો.કાર્યક્રમનું ઉદ્ઘાટન ડૉ. પંકજ મહેશ્વરી, ડૉ. સુહાસ લેલે, ડૉ. કિલ્લોલ કનેરિયા અને ડૉ. ગૌરાંગ છત્રીવાલાની ઉપસ્થિતિમાં થયું હતું.

પાવરગ્રિડ SC-ST કર્મચારી કલ્યાણ સંઘ દ્વારા સંકલ્પ દિવસ ઉજવાયો

વડોદરા : પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ પશ્ચિમ ક્ષેત્ર-II અને પાવરગ્રીડ SC/ST કર્મચારી કલ્યાણ સંઘ, પશ્ચિમ ક્ષેત્ર-II એ ગત તા.૨૩ સપ્ટેમ્બર,૨૦૨૬ના રોજ વડોદરામાં સંકલ્પ ભૂમિના પવિત્ર સ્થળ ડૉ. બાબાસાહેબ આંબેડકરના રાષ્ટ્રીય સ્મારક ખાતે સંકલ્પ દિવસ ઉજવ્યો હતો.ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રધ્ધાંજલિ આપવા આવેલા મુલાકાતીઓને પાવરગ્રીડની વિવિધ જાહેર કલ્યાણકારી સેવાઓ અને કાર્યો વિશે માહિતી પ્રદાન કરાઇ હતી.

બાળગોકુલમમાં ‘સેવા હી મેરા યોગદાન’ અંતર્ગત સેવાકીય પ્રવૃત્તિઓ

વડોદરા : “સેવા હી મેરા યોગદાન” કાર્યક્રમ અંતર્ગત ચિલ્ડ્રન્સ હોમ ફોર બોયઝ-બાળગોકુલમ, વડોદરા ખાતે બાળકોના આરોગ્ય, શિક્ષણ, રમતગમત અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ યોજાઈ હતી. કાર્યક્રમમાં બાળકો માટે મેડિકલ કેમ્પ યોજી આરોગ્ય તપાસ સાથે જરૂરી માર્ગદર્શન અપાયુ હતું. વિવિધ સાધનો તથા શૈક્ષણિક વિકાસ માટે એજ્યુકેશન કિટનું વિતરણ કરાયું હતું.

આયુર્વેદ પ્રત્યે જાગૃતિ માટે વડોદરામાં શહેરવ્યાપી અભિયાન

વડોદરાઃ આયુર્વેદ અને રોજિંદા જીવનમાં તેના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી વાસુ હેલ્થકેર દ્વારા આયુર્વેદ દિવસ નિમિત્તે શહેરમાં જાગૃતિ અભિયાન યોજાયું હતું. વડોદરાના નવ મુખ્ય સ્થળોએ નાગરિકો અને મુસાફરો સાથે આયુર્વેદ તથા સ્વાસ્થ્ય અંગે સંવાદ કરાયો હતો. ‘આયુર્વેદ ફોર હેલ્થીયર ટુમોરો’ થીમને આગળ વધારતાં ‘હર ઘર આયુર્વેદ’ના વિચાર સાથે આ પહેલ યોજાઈ હતી.

Eco-Friendly શ્રી ગણેશ ઉત્સવ ટ્રસ્ટ દ્વારા ‘Trophy for Greener Future’નું આયોજન

વડોદરાઃવડોદરા ખાતે પર્યાવરણમૈત્રી શ્રી ગણેશોત્સવને પ્રોત્સાહન આપવા Eco-Friendly શ્રી ગણેશ ઉત્સવ ટ્રસ્ટ (ગુજરાત) દ્વારા તા. 23 સપ્ટેમ્બર, 2026, બુધવારના રોજ પોલોગ્રાઉન્ડ સ્થિત રાજસ્તંભ સોસાયટી શ્રી ગણેશ મંડળ ખાતે ભવ્ય ‘Trophy for Greener Future’ ટ્રોફી વિતરણ સમારોહ યોજાયો હતો. ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી કિરણબેન ગોસાઈ, મહામંત્રી શ્રી નગીનભાઈ વાઘેલા તથા સમગ્ર ટ્રસ્ટ ટીમના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા આ સમારોહનો પ્રારંભ આમંત્રિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો.

સંસ્કારી નગરીમાં મોતનો પણ મલાજો ન જળવાયો, આઉટસોર્સિંગ કર્મચારી તાત્કાલિક ડિસમિસ

સયાજી હોસ્પિટલમાં મૃતદેહ પેક કરવાના વસૂલાયા રૂા.૧૫૦૦ !

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં ભ્રષ્ટાચારની પરાકાષ્ટા, આર.એમ.ઓ.ની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય તપાસ કમિટીની રચના

કમિટી આગામી ૪ થી ૫ દિવસમાં સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

મધ્ય ગુજરાતની સૌથી મોટી અને નામાંકિત એવી વડોદરાની સયાજી હોસ્પિટલમાં માનવતાને શર્મસાર કરતો અને ભ્રષ્ટાચારની પરાકાષ્ટા દર્શાવતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સામાન્ય રીતે સ્વજનના મૃત્યુથી ભાંગી પડેલા પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડતો હોય છે, પરંતુ સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં મોતનો મલાજો પણ ન જળવાયો હોવાનું સામે આવ્યું છે. અહીં પોસ્ટમોર્ટમ થયા બાદ મૃતદેહને પેક કરીને પરિવારને સોંપવા બદલ હોસ્પિટલના જ એક કર્મચારી દ્વારા ગરીબ પરિવાર પાસે ૧૫૦૦ ની લાંચ માંગવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. જેનો વિડિઓ સામે આવતાં ભારે ચકચાર મચી છે.

વડોદરાની સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એક ગરીબ પરિવાર પોતાના સ્વજનના મૃતદેહને વડોદરાથી છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે લઈ જવાનો હતો. પરંતુ નિયમ મુજબ મૃતદેહને પેક કરવાની કામગીરી કરવા માટે હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં ફરજ બજાવતા કર્મચારી જગદીશ સોલંકીએ પરિવાર સમક્ષ ૧૫૦૦ ની માંગણી મૂકી હતી. શોકાતુર અને આર્થિક રીતે નબળા પરિવારે કર્મચારી સમક્ષ આનાકાની કરી ઓછી રકમ લેવા માટે વિનંતી કરી હતી, પરંતુ કર્મચારી દ્વારા કોઈ દયા દાખવવામાં આવી ન હતી. આખરે લાચાર પરિવારે મજબૂર બનીને ૧૫૦૦ ચૂકવ્યા બાદ જ પોતાના સ્વજનનો મૃતદેહ મેળવી શક્યો હતો.

આ સમગ્ર ઘટનાનો પર્દાફાશ કરતો એક વિડિયો સ્ટીંગ ઓપરેશન દ્વારા મોબાઈલ કેમેરામાં કેદ કરવામાં આવ્યો હતો, જે વિડિઓ સામે આવતાં જ ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ તંત્ર તાત્કાલિક ધોરણે હરકતમાં આવ્યું હતું.

સયાજી હોસ્પિટલના સુપરટેન્ડન્ટ ડૉ. રંજન અય્યરે આ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આ કિસ્સો અત્યંત ગંભીર અને ગુનાહિત પ્રવૃત્તિ સમાન છે. સામે આવેલા વિડિયોમાં નાણાં માંગતો દેખાતો કર્મચારી જગદીશ સોલંકી અગાઉનો કાયમી કર્મચારી રહીને રિટાયર થયા બાદ આઉટસોર્સિંગ પદ્ધતિથી કામ કરતો હતો. તંત્ર દ્વારા ત્વરિત પગલાં રૂપે આ ભ્રષ્ટ કર્મચારીને તાત્કાલિક અસરથી છૂટો કરી દેવામાં આવ્યો છે.

રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ વચ્ચે સરકારી હોસ્પિટલોમાં ચાલતા આવા ભ્રષ્ટાચારને ડામવા માટે સયાજી હોસ્પિટલ દ્વારા આર.એમ.ઓ. ડૉ. હિતેન્દ્ર ચૌહાણની અધ્યક્ષતામાં એક વિશેષ તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી આગામી ૪ થી ૫ દિવસમાં સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરશે.

રોગી કલ્યાણ સમિતિની ફી અથવા સ્કેન એન્ડ પે જેવી ડિજિટલ સુવિધાઓ સિવાય અન્ય કોઈને નાણાં ચૂકવવા નહીં

નાણાની માગ કરતો આઉટસોર્સિંગ કર્મચારી

હોસ્પિટલ સત્તાધીશોએ સ્પષ્ટ કર્યું છે કે સરકારી હોસ્પિટલમાં મૃતદેહ પેક કરવા કે અન્ય અધિકૃત સેવાઓ માટે કોઈપણ પ્રકારના ઉપલક કે રોકડા નાણાં આપવાના હોતા નથી. સરકાર દ્વારા નિયત થયેલી રોગી કલ્યાણ સમિતિની ફી અથવા સ્કેન એન્ડ પે જેવી ડિજિટલ સુવિધાઓ સિવાય અન્ય કોઈને નાણાં ચૂકવવા નહીં. જો કોઈ પણ કર્મચારી કે વ્યક્તિ દ્વારા અયુક્ત નાણાંની માંગણી કરવામાં આવે, તો તાત્કાલિક ધોરણે આર.એમ.ઓ. અથવા સુપરટેન્ડન્ટની ઓફિસમાં તેની જાણ કરવા માટે નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન એ વાતની પણ ચકાસણી કરવામાં આવશે કે આ નાણાં લેવાના પ્રકરણમાં અન્ય કોઈ કર્મચારી કે અધિકારીઓની સંડોવણી છે કે કેમ ? અગાઉ પણ આવા કેટલા મૃતદેહો માટે ગરીબ પરિવારો પાસેથી નાણાં પડાવવામાં આવ્યા છે તે અંગે પણ તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.આ ઘટનાએ ફરી એકવાર સરકારી આરોગ્ય સંસ્થાઓમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર અને સંવેદનાહીન વહીવટ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

એમએસયુમાં ચં.ચી. મહેતા - પ્રદાન અને પુનર્મૂલ્યાંકન વિષયક પરિસંવાદ

ચં.ચી. મહેતાની ૧૨૫મી જન્મજયંતીની ભવ્ય, સાહિત્યકારો અને કલાકારોએ આપી ભાવાંજલિ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ કલ્ચર અંતર્ગત સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના નાટ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે રંગભૂમિના ભીષ્મપિતામહ ચં.ચી. મહેતાની 125મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના પ્લે બોક્સ ખાતે ચં.ચી. મહેતા - પ્રદાન અને પુનર્મૂલ્યાંકન વિષયક પરિસંવાદ અને નાટ્ય મહોત્સવનું આયોજન કરાયું હતું. ચં.ચી. મહેતા એમ.એસ. યુનિવર્સિટી અને વિશ્વ રંગભૂમિનું ગૌરવ છે. તેમના અથાગ પ્રયત્નોથી યુનિવર્સિટીમાં દેશનો સૌપ્રથમ યુનિવર્સિટી કક્ષાનો ડિગ્રી નાટ્ય અભ્યાસક્રમ શરૂ થયો હતો. સાથે જ 1961માં વિયેના ખાતે વિશ્વ રંગભૂમિ દિવસ ઉજવવાનો ઐતિહાસિક પ્રસ્તાવ પણ તેમણે જ મૂક્યો હતો. આખો દિવસ ચાલેલા પરિસંવાદમાં કુલપતિ ભાલચંદ્ર ભણગેએ જણાવ્યું હતું કે, ચં.ચી.એ એમ.એસ. યુનિવર્સિટીને કળાનું કાશી બનાવ્યું છે. નાટ્ય વિભાગના વડા ડૉ. દર્શન પુરોહિતે જણાવ્યું કે, ચં.ચી.ના વારસાને નવી પેઢી સુધી પહોંચાડવો એ વિભાગની નૈતિક જવાબદારી છે. સાહિત્ય અકાદમીના ઓમપ્રકાશ નાગર, ભાગ્યેશ જ્હા, જાણીતા નાટ્યવિદ્ ડો. મહેશ ચંપકલાલ, ડો. મહેન્દ્રસિંહ પરમાર, રાજેશ્વરી પટેલ સહિતના વિદ્વાનોએ ચં.ચી.ના સાહિત્ય અને નાટ્ય પ્રદાન પર વિશ્લેષણ રજૂ કર્યું હતું. પરિસંવાદ બાદ નાટ્ય વિભાગના 50થી વધુ વિદ્યાર્થીઓએ 20 દિવસની મહેનત બાદ બે નાટકો રજૂ કર્યા હતા. ડો.રાકેશ મોદી દિગ્દર્શિત અલકમલકની ચીજ. ચં.ચી.માં ચં.ચી.ના જીવન સંઘર્ષને જીવંત કરાયો હતો, જ્યારે ડો. દર્શન પુરોહિત દિગ્દર્શિત હોહોલિકામાં સામાજિક કુરિવાજો પર કટાક્ષ કરાયો હતો. નાટક પૂર્ણ થતાં જ દર્શકો ભાવવિભોર બન્યા હતા.

પરિસંવાદ
चं. चि. मेहता : योगदान और पुनर्मूल्यांकन
ચં. ચી. મહેતા-પ્રદાન અને પુનર્મૂલ્યાંકન

સલાટવાડાની યુવતીએ ફિનાઈલ ગટગટાવતાં ગંભીર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

શહેરના સલાટવાડા વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવતીની તબિયત લથડતા તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. શહેરના સલાટવાડા, ફુલબારી નાકા પાસે આવેલા શિવાજી ચોક ખાતે રહેતી નંદનીબેન ચૌધરી, ઉ.વ. ૨૧ એ કોઈ કારણોસર ઘરમાં રહેલું ફિનાઈલ પી લીધું હતું. ફિનાઈલ પીધા બાદ યુવતીની તબિયત અચાનક જ બગડવા લાગી હતી, જેથી પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી.પરિવારજનો દ્વારા તાત્કાલિક ધોરણે નંદનીને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલ યુવતીની તબિયતમાં સુધારો છે અને તે સંપૂર્ણપણે ભાનમાં છે.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાન

GUVNL, GSECL, MGVCL અને GETRI દ્વારા ૪૦ થી વધુ રોપાનું વાવેતર

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જીયુવીએનએલ, જીએસઈસીએલ, એમજીવીસીએલ અને જીઈટીઆરઆઈના 150 થી વધુ કર્મચારીઓએ વડોદરામાં પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક જવાબદારીના સંદેશ સાથે વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો. ગેટરી કેમ્પસ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જ્યારે ઐતિહાસિક સેવાસી વાવ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. જીઈટીઆરઆઈ કેમ્પસ ખાતે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં જીયુવીએનએલ, જીએસઈસીએલ, એમજીવીસીએલ અને જીઈટીઆરઆઈના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કર્મચારીઓ દ્વારા 40 થી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણની આ પહેલ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા પર્યાવરણના નિર્માણનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ સાથે ઐતિહાસિક સેવાસી વાવ ખાતે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં 100 થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો. કર્મચારીઓએ સેવાસી વાવ તથા તેના આસપાસના વિસ્તારની સફાઈ કરી હતી. આ પહેલ દ્વારા ઐતિહાસિક વારસાના સ્થળોની સ્વચ્છતા અને જાળવણી પ્રત્યેની સામૂહિક જવાબદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સેવા સંકલ્પ અભિયાનનો ઉદ્દેશ સેવાભાવને વિવિધ જનહિતલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડીને સમાજ અને પર્યાવરણ પ્રત્યેની સામૂહિક જવાબદારીને વધુ મજબૂત બનાવવાનો છે. અભિયાન અંતર્ગત યોજાયેલી આ બંને પહેલો દ્વારા સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને વારસા સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ વિષયો અંગે જાગૃતિ સાથે કર્મચારીઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન મળ્યું હતું.

પીવાના પાણીના કૂલર બંધ તેમજ આસપાસ અસ્વચ્છતા

સ્વચ્છતા અભિયાનના બણગા વચ્ચે દિવાળીપુરા કલેક્ટર કચેરીમાં ગંદકીથી મુલાકાતીઓ ત્રસ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

શહેરના દિવાળીપુરા ખાતે બનેલી નવીન અને આધુનિક કલેક્ટર કચેરી બહારથી ભલે હાઈ-ફાઈ લાગતી હોય, પણ અંદર પગ મૂકતા જ ખબર પડે છે કે આ ‘વિકાસ’ માત્ર બિલ્ડિંગના કાચ પૂરતો જ સીમિત છે. કચેરીના પુરુષોના બાથરૂમમાં પારાવાર ગંદકીનું એવું તો સામ્રાજ્ય જામ્યું છે કે જાણે સફાઈ કામદારોએ અહીં કાયમી રજા પાડી દીધી હોય ! બાથરૂમની આ દુર્ગંધ જોઈને સવાલ થાય કે, શું સરકારી બાબુઓ પોતાના એસી કેબિનમાંથી બહાર નીકળીને ક્યારેય સામાન્ય જનતા જેવી પ્રાથમિક સુવિધાઓનો ઉપયોગ કરવાનું વિચારતા હશે ખરા ? અહીં ગંદકી માત્ર બાથરૂમ પૂરતી મર્યાદિત નથી. તરસ્યા નાગરિકો માટે રાખેલા પીવાના પાણીના કૂલર બંધ હાલતમાં અને શોભાના ગાંઠિયા સમાન બન્યા છે. પીવાના પાણીના કૂલર પાસે પણ સફાઈનો સૂર્યોદય ક્યારેય થતો જ નથી. પાણી પીવા જનાર નાગરિક તરસ છીપાવવા જતાં પાણી તો પીવા મળતું જ નથી સાથે રોગચાળો વહોરીને બહાર નીકળે તેવી દયનીય સ્થિતિ છે. અરે, વહીવટી તંત્રની બેદરકારીની હદ તો જુઓ ! કચેરીના અંદરના પરિસરમાં કૂતરાઓ એવા તો લટાર મારીને આરામ ફરમાવતા હોય છે કે જાણે તેઓ આખી કચેરીના વીઆઈપી મહેમાન ન હોય ! જો આ રખડતા શ્વાનો કોઈ અરજદાર કે નિર્દોષ નાગરિકને બચકું ભરી લે, તો શું કલેક્ટર સાહેબ પોતાની ગાડી કે કેબિનમાં તેને બેસાડીને હોસ્પિટલ લઈ જશે ? કે પછી કચેરીની બહાર 'કૂતરાથી સાવધાન' નું પાટિયું લગાવીને પોતાની જવાબદારી ખંખેરી નાખશે ? કરોડો રૂપિયાના ખર્ચે બનેલી આ કલેક્ટર કચેરીમાં પ્રજાના ટેક્સના પૈસાનું પાણી થઈ ગયું છે, પણ જનતાને શૌચાલય કે પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધાઓ પણ નસીબ નથી થતી. પ્રજાના સેવક બનવાનો દાવો કરતા અધિકારીઓની આ બેજવાબદારી અને નિષ્કાળજી જોતા લાગે છે કે આ સરકારી કાર્યાલય છે કે પછી કોઈ લાવારિસ પાંજરાપોળ, તેનો જવાબ ખુદ કલેક્ટર તંત્ર જ આપી શકે !

જોરાપુરા તલાવના યુવાનનું સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાનાં જોરાપુરા તલાવ ગામે રહેતા અરવિંદભાઈ બારીયા ગતરોજ પોતાના બાઈક પર સવાર થઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં અચાનક એક કુતરું સામે આવી જવાથી બાઈક ચાલક અરવિંદભાઈ પોતાનું નિયંત્રણ ગુમાવી બેઠા હતા અને બાઈક સ્લીપ થઈ જતાં તેઓ રોડ પર જોરદાર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને શરીરના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતાની સાથે જ સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત અરવિંદભાઈને પ્રથમ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બાદ વડોદરાની સયાજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું દુઃખદ અવસાન થતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ભીમ આર્મીએ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી

અનામત નીતિનું કડક પાલન કરોની માગણી સાથે આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

શહેરમાં સામાજિક સમાનતા અને બંધારણીય અધિકારોના રક્ષણ માટે સક્રિય એવી 'ભીમ આર્મી' દ્વારા વંચિત વર્ગોના ઉત્થાન અને હક્કોની સુરક્ષા માટે એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ, મહિલાઓ તથા સમાજના અન્ય શોષિત અને વંચિત વર્ગોને સામાજિક ન્યાય, સમાન તક અને યોગ્ય પ્રતિનિધિત્વ પૂરું પાડવાની માંગ સાથે ભીમ આર્મી વડોદરા દ્વારા જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. આવેદનપત્રમાં મુખ્યત્વે એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે ભારતીય સંવિધાને દરેક નાગરિકને સમાનતા અને સ્વતંત્રતાનો અધિકાર આપ્યો છે, પરંતુ જમીની હકીકતમાં હજુ પણ પછાત અને વંચિત વર્ગોને તેમનો હક મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સરકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવા અને સરકારી તથા અર્ધ-સરકારી ક્ષેત્રોમાં અનામત નીતિનું કડક પાલન થાય તેવી માંગ કરાઈ છે. તેઓની માંગણીઓમાં, પ્રશાસનિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં SC, ST અને OBC વર્ગોના પ્રતિનિધિત્વને સુનિશ્ચિત કરવું.

ભરૂચ-દહેજ વચ્ચે મેટ્રો/રેપિડ રેલની માંગ: ૧,૭૦૦ બસોમાં રોજ ૨.૦૪ લાખ લીટર ડીઝલનો વપરાશ

ભરૂચ : દહેજ GIDC ખાતે કાર્યરત હજારો કર્મચારીઓ અને શ્રમિકોની અવરજવર, ટ્રાફિકની સમસ્યા, ઈંધણના વધતા વપરાશ તથા પર્યાવરણીય નુકસાનને ધ્યાનમાં રાખીને ભરૂચથી દહેજ વચ્ચે મેટ્રો ટ્રેન અથવા રેપિડ રેલ/લોકલ ટ્રેન કનેક્ટિવિટી શરૂ કરવા અંગે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

પૂર્વ મંત્રી ખુમાનસિંહ કે. વાંસિયાએ આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ સૂચન રજૂ કરતાં જણાવ્યું છે કે દહેજ દેશના મહત્વપૂર્ણ ઔદ્યોગિક વિસ્તારો પૈકીનું એક છે. દહેજ PCPIR વિસ્તારમાં મોટી સંખ્યામાં નાની-મોટી ઔદ્યોગિક કંપનીઓ કાર્યરત છે અને તેમાં કામ કરતા હજારો કર્મચારીઓ ભરૂચ શહેર તથા આસપાસના વિસ્તારોમાં વસવાટ કરે છે.રજૂઆત મુજબ, કર્મચારીઓની અવરજવર માટે અંદાજે 1,700 જેટલી ખાનગી કંપની બસો દરરોજ ત્રણ શિફ્ટમાં ભરૂચ-દહેજ માર્ગ પર દોડે છે. એક બસ દ્વારા ત્રણ શિફ્ટ દરમિયાન અંદાજે 120 લીટર ડીઝલનો વપરાશ થતો હોવાના આંકડા રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રમાણે 1,700 બસો દ્વારા દરરોજ આશરે 2.04 લાખ લીટર ડીઝલ વપરાય છે. રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે, ડીઝલના પ્રતિ લીટર 98.10ના ભાવને ધ્યાને લેવામાં આવે તો આ બસોના ઈંધણ પાછળનો દૈનિક ખર્ચ આશરે 20 કરોડ થાય છે. વર્ષના ધોરણે આ રકમ આશરે 7,300 કરોડ જેટલી થાય છે. જોકે, આ ગણતરી બસોના જણાવાયેલા ઈંધણ વપરાશ અને દર્શાવેલા ડીઝલ ભાવના આધારે કરવામાં આવેલી અંદાજિત ગણતરી છે.ત્રણેય શિફ્ટના સમય દરમિયાન મોટી સંખ્યામાં બસો એકસાથે ભરૂચ-દહેજ માર્ગ પર દોડતી હોવાથી ટ્રાફિકનું ભારણ વધે છે. તેના પરિણામે કર્મચારીઓનો સમય બગડે છે અને માર્ગ અકસ્માતનું જોખમ પણ રહે છે. સાથે જ, મોટી સંખ્યામાં ડીઝલ વાહનોના સતત સંચાલનને કારણે હવાના પ્રદૂષણમાં વધારો થવાની પણ રજૂઆતમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ સમસ્યાના લાંબા ગાળાના ઉકેલ તરીકે ભરૂચથી દહેજ વચ્ચે મેટ્રો રેલ, રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ અથવા યોગ્ય પ્રકારની ઝડપી પેસેન્જર રેલ સેવા શરૂ કરવાની શક્યતા અંગે અભ્યાસ હાથ ધરવાની માંગ કરવામાં આવી છે.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (ડિસ્ટ.), એમ.એચ. 400072
બોડેલી શાખાઃ પ્રોપર્ટી નં. 14, 1લો માળ, અગ્રવાલ કોમ્પ્લેક્સ, ડભોઈ રોડ, બોડેલી - 391135 (ગુજરાત)

અધિકૃત અધિકારીઓઃ અમિતકુમાર સોની (મોબાઈલઃ 9913333214)

સરફેસી એક્ટ, 2002ના નિર્દેશો હેઠળ પ્રાઇવેટ ટ્રીટી દ્વારા મિલકતના વેચાણ માટેની નોટિસ

જેમ કે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(4) હેઠળ સુરક્ષિત મિલકતનો કબજો મેળવ્યો છે. અને અગાઉ અધિકૃત અધિકારીએ ઈ-ઓક્શન નોટિસો બહાર પાડી હતી, પરંતુ તેમાં કોઈ સફળ બોલીદાતા આકર્ષવામાં નિષ્ફળ રહ્યા હતા, અને હવે નીચે આપેલ સુરક્ષિત મિલકતને પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચવાનો નિર્ણય લીધો છે. આ સંદર્ભમાં અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકત ખરીદવા માટે કેટલાક રસ ધરાવતા વ્યક્તિઓ તરફથી ઓફર મળી છે. અધિકૃત અધિકારી આથી બોરોઅર્સને સામાન્ય રીતે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 અને 9ની શરતો અનુસાર પ્રાઇવેટ ટ્રીટી દ્વારા ઉપરોક્ત મિલકતના વેચાણ માટે નોટિસ આપે છે. ખાતાની વિગતો નીચે મુજબ છેઃ

અનુ. નં.	લોન કોડ નં. / શાખાઃ	બોરોઅર / કો-બોરોઅરના નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	રિઝર્વ પ્રાઇસ (RP)	કુલ બાકી લોન રકમ	સુરક્ષિત મિલકતની વિગત
1	Loan Code No. 50410000040 Bodeli Branch)	બાબુ લાલ ખટીક (બોરોઅર) બબલી ખટીક (કો-બોરોઅર)	12-05-2025 & ₹ 8,25,944/-	₹ 5,00,000/-	₹ 10,01,971/- as on 07-07-2026	સુરક્ષિત મિલકતની વિગતઃ મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર સરકારી રેસિડેન્સી નસવાડી રોડ પ્લોટ નંઃ A-72 નસવાડી છોટાઉદેપુર ગુજરાત-391150. ચતુર્સીમાઃ પૂર્વઃ મકાન નં. 73-A, પશ્ચિમઃ મકાન નં. A-71, ઉત્તરઃ કમ્પાઉન્ડ વોલ, દક્ષિણઃ રોડ

રેસિડેન્સી નસવાડી રોડ પ્લોટ નંઃ A-72 નસવાડી છોટાઉદેપુર ગુજરાત-391150. ચતુર્સીમાઃ પૂર્વઃ મકાન નં. 73-A, પશ્ચિમઃ મકાન નં. A-71, ઉત્તરઃ કમ્પાઉન્ડ વોલ, દક્ષિણઃ રોડ આ સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ છે જે આથી બોરોઅર(સ), કો-બોરોઅર(સ) અને ગેરેંટર(સ)ને આપવામાં આવે છે કે સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલી ઉપરોક્ત વર્ણવેલ સ્થાવર મિલકત, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની બાકી નીકળતી રકમ વસૂલ કરવા માટે “જેમ છે ત્યાં”, “જેમ છે તેમ” અને “જે કંઈ પણ છે”ના આધારે પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચવામાં આવશે. જો બોરોઅર(સ), કો-બોરોઅર(સ) પાસે એવા કોઈ ખરીદદાર હોય જે આપેલ રિઝર્વ પ્રાઇસ કરતા વધુ કિંમતે સુરક્ષિત મિલકત ખરીદવા તૈયાર હોય તો બોરોઅર(સ), કો-બોરોઅર(સ)એ 15-10-2026 પહેલા એક દિવસ અગાઉ AHFLને જાણ કરવી પડશે, તો AHFL તેમને પ્રાથમિકતા આપશે. જો બોરોઅર(સ), કો-બોરોઅર(સ) 15-10-2026 પહેલા એક દિવસ અગાઉ જાણ કરવામાં નિષ્ફળ જશે તો AHFL ઉપર આપેલી રિઝર્વ પ્રાઇસ પર મિલકતના વેચાણ માટે આગળ વધશે. મિલકત AHFLને જ્ઞાત અથવા અજ્ઞાત હોય તેવા તમામ હાલના અને ભવિષ્યના બોજાઓ સાથે વેચાઈ રહી છે. અધિકૃત અધિકારી/સિક્યોર્ડ ક્રેડિટર કોઈપણ રીતે તૃતીય-પક્ષના દાવાઓ/અધિકારો/બાકી લેણાં માટે જવાબદાર રહેશે નહીં. ખરીદદારે પોતાના સંતોષ માટે મિલકત (પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચાણ હેઠળ) સંબંધિત તમામ પાસાઓ પર યોગ્ય તપાસ કરવી જોઈએ. ખરીદદાર પાછળથી આ અંગે અધિકૃત અધિકારી/સિક્યોર્ડ ક્રેડિટર સામે કોઈ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. વેચાણની તારીખ 15-10-2026 નક્કી કરવામાં આવી છે. “આ અખબાર પ્રકાશન અને તેમાં રહેલો ડેટા સામાન્ય જનતાના પ્રસારણ માટે બનાવાયેલ છે. પ્રિન્ટ, ડિજિટલ, કોઈપણ સ્વરૂપમાં ઇલેક્ટ્રોનિક પ્રકાશન, ઇ-મેઇલ અથવા વેબ પ્રકાશનો અથવા અન્યથા કોઈપણ મોડ દ્વારા આ સામગ્રીનું પૂર્ણ કે અંશતઃ પુનઃઉત્પાદન, વિતરણ, ટ્રાન્સમિશન અથવા પુનઃપ્રકાશન સખત રીતે પ્રતિબંધિત છે. કોઈપણ મોડ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ અનધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.”

સ્થળઃ ગુજરાત, તારીખઃ 25.09.2026

(અધિકૃત અધિકારી)
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ માટે